| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૦૫/૦૯/૨૦૨૨ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૫૮૪/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની**
**તા.૦૪/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૨ | ૦ | ૧૪૨ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૫ | ૦ | ૧૦૦૬૯૫ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫ | ૧,૭૧,૪૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## શહેરકોટડા પોલીસ સ્ટેશન

## શરીર સબંધી ગુનાની પ્રવુત્તિ સાથે સંકળાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૩ સાહેબ તથા મ.પો.કમી.શ્રી ડી-ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. બી.કે.ખાચર નાઓની સુચના આધારે સ્ટાફના માણસો દ્વારા આરોપીને પકડી લાવતા ધર્મેન્દ્રકુમાર સ/ઓ હરિશંકર સુખરામભાઇ પટેલ ઉ.વ.૨૬ રહે.મ.નં.૭૮૯/૫૭૭૬, ગુજરાત હાઉસિંગ બોર્ડ ગાયત્રી મંદિર સામે બાપુનગર અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધમાં (૧) શહેરકોટડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૨૦૯૭૭/૨૦૨૨ ઈપીકો કલમ ૩૭૬, ૩૭૬(૨)એન, ૪૦૬, ૪૨૦, ૫૦૬(૧) તથા એટ્રોસીટી એક્ટ કલમ ૩(૨)(૫), ૩(૨)(૫-એ), ૩(૧)(w) (i), ૩(૧)(w)(ii) મુજબના ગુનામાં મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૭૯૫/ ૨૦૨૨ તા.૦૪/૦૯/૨૦૨૨ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૦૪/૦૯/૨૦૨૨ ના કલાક ૨૦/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ, લાજપોર-સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



<u>કૃષ્ણનગર પોલીસ સ્ટેશન</u>

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદર્શન તથા સુચના મુજબ (૧)મેધાણીનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧033૨૧0૯૯3/૨૦૨૧ ઇપીકો કલમ ૩૯૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫0૬(૧), ૧૧૪ મુજબ તથા (૨) કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૨ ૦૭૧૮/૨૦૨૨ ઇપીકો કલમ ૩૯૨,૫૧૧, ૩૨૩, ૨૯૪(ખ) ,૫0૬(૨), ૧૧૪ જીપી એટક ૧૩૫(૧) મુજબના લુંટ/મિલ્કત સબંધી ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૭૯૭/૨૦૨૨ તા.0૪/0૯/૨૦૨૨ ના હુકમ આધારે તા.0૪/0૯/૨૦૨૨ ના કલાકઃ૧૯/૫૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

### આરોપીનું નામ:-

ભરત ઉર્ફે ડટો સ/ઓ ચુનીલાલ રૂપાજી જાતે માલી રહે.મ.નં.ડ031/3,મુળજીરામ કનીરામની ચાલી રામજી મંદિર ચમનપુરા મેઘાણીનગર અમદાવાદ

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

**પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ તથા** એએસઆઇ શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.હે.કો. ધીરજકુમાર મંગળભાઇ બ.નં.33૧૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૮૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૨૬૬ લીટર દેશી દારૂ, ૧૧ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૯૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૮૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૫૮૭/૨૦૨૨**

**બાપુનગરઃ** લલીતભાઇ સ/ઓ ઉમાજી માલી (ઉ.વ.૨૯) (રહે. વેરાઇપાર્ક સોસાયટી શ્રીજી કોર્નર પટેલવાડીની બાજુમાં વટવા રોડ ઇસનપુર) એ તા.૦૪/૦૯/૨૦૨૨ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૮/૨૦૨૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) નરેશભાઇ (૨) કલ્યાણીબેન (૩) સુમિત્રા રામચંન્દ્ર પાટીલ (૪) સંજય (૫) વિમળા (૬) સંજય (તમામ રહે. અકોલા મહારાષ્ટ્ર તથા કુહા કાકુડા તા.મુક્તાઇનગર જી.જલગાવ મહારાસ્ટ્ર) એ ભેગા મળી લલીતભાઇ માલીના લગ્ન કરાવી આપવાની લાલચ આપી લલીતભાઇ માલી પાસેથી ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૩,૮૮,૬૬૪/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ અર્જુનસિંહ ચલાવે છે.

**કાલુપુરઃ** સાગર મહેન્દ્રકુમાર સંઘવી (ઉ.વ.૨૩) (રહે.કોટનચાલ પાંજરાપોળ સ્વામિનારાયણ મંદિર રોડ રીલીફ રોડ કાલુપુર) એ તા.૦૪/૦૯/૨૦૨૨ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૬/૨૦૨૨ ના રોજ મોબાઈલ નંબર ૯૫૨૬૪૬૦૫૯૩ ના ધારકે માલ પ્રોડકશન કરવા ટાસ્ક કમ્પલેટ કરવાથી કમિશન આપવાનો મેસેજ કરતા સાગર સંઘવીએ સંપર્ક કરતા તેઓએ ફાયદો થવાની લોભામણી લાલચ આપી લીંક મોકલી લીંકમાં સાગર સંઘવીની બેંકની માહીતી મેળવી લઈ તેમજ સાગર સંઘવી પાસેથી કુલ રૂપિયા ૨,૮૮,૪૧૨/- નુ ટાસ્ક કમ્પલેટ કરાવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.જે.ચુડાસમા ચલાવે છે.

**ત્યજી દીધેલ બે શિશુ બાળકી મળી આવીઃ** **સમાચાર યાદી નં.૧૫૮૮/૨૦૨૨**

**કાગડાપીઠઃ** તા.૦૪/૦૯/૨૦૨૨ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે રાયપુર દરવાજા બહાર મહિપતરામ રૂપરામ આશ્રમના પારણામાં ત્યજી દિધેલ તાજી જન્મેલી બે બાળકીઓ મળી આવતા કાગડાપીઠ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.બી.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૫૮૯/૨૦૨૨**

**રિવરફ્રંટ વેસ્ટઃ** કિરણ અશોકભાઈ મકવાણા (ઉ.વ.૧૮) (રહે.રામાપીરની ચાલી નંબર-૧ અર્બન હેલ્થ સેન્ટર સામે ખોડીયારનગર બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૯/૨૦૨૨ રાતના ૯/૦૦ વાગ્યા પહેલા રિવરફ્રંટ વેસ્ટ વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જગદિશચન્દ્ર આત્મારામ ચલાવે છે.

**દરિયાપુરઃ** મહમંદકૈસર ઇબ્રાહીમ શેખ (ઉ.વ.૩૨) (રહે. જીવણપોળ પાંચ પટ્ટી દરિયાપુર) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૯/૨૦૨૨ સાંજના ૬/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દરિયાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એન.જાદવ ચલાવે છે.

**મણીનગરઃ** અરવિંદ ભાઇલાલભાઇ સોલંકી (ઉ.વ.૪૨) (રહે. ભૈરવનાથ મંદિરની ચાલીની અંદર મણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૯/૨૦૨૨ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લાકડાની વળી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.વી.દેસાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી